Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૫ • તા.૧૫ જૂનથી ૨૧ જૂન ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## લોડાયા અને ધરમસી પરિવાર નું ગૌરવ

સૌ. ખ્યાતિ પુનિત હરીશ ધરમસી, જખૌ - નવી મુંબઈ ને પત્રકારત્વ Journalism ના ક્ષેત્ર માં"Press Club of Mumbai" તરફ થીRed Ink Award for Excellence in Indian Journalism 2013 નો Award અને રૂ. ૨૫,૦૦૦/- નું પારિતોષક Minister of Information & Broadcasting શ્રી. મનીષ તિવારી ના હસ્તે, Hon. Governor of Maharashtra શ્રી. કે. શંકર નારાયણન ની ઉપસ્થિતિ માં મળેલ છે.

Journalism ના ક્ષેત્ર માં પ્રતિષ્ઠિત Red Ink Awardસૌ. ખ્યાતિ એ લખેલ The Economic Times Wealth Newspaper માં Rs. 22,000/- Crores of Investor Wealth Lying Unclaimed લેખ માટે મળેલ છે.સૌ. ખ્યાતિ એ DNA અને Economic Times માં 7 વર્ષની કારકિર્દી કરેલ છે, અને હાલ માં money control.com માટે લખે છે.

જ્ઞાતિ અને પરિવાર નું નામ રોશન કરવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન....

હરીશ દામજી ધરમસી પરિવાર
(નવી મુંબઈ)

મધુકાંત તેજપાર લોડાયા પરિવાર
(ઔરંગાબાદ)

હેમરાજ રતનશી મૈશેરી પરિવાર
(વાપી)

નવલબાઈ લીલાધર મૈશેરી પરિવાર
(વલસાડ)




Congratulations.......

*Congratulation....*



કુ. નીતિ ધનેષ ધુલ્લા
(સેવક ભરૂડીયા-ડોંબિવલી)
SSC 96.18%

# ધુલ્લા તથા દંડ પરિવારનું ગૌરવ

ચિ.નીતિએ મહામંગલકારી તિર્થાધિરાજ શ્રી શંત્રુજય ગિરિરાજની ચૌવિહારી છટ્ઠ સાથેની નવ્વાણું યાત્રા શાતાપૂર્વક પરિપૂર્ણ કરેલ છે. તથા SSC Boardમાં 96.18% મેળવી I.E.S Chandrakant Patkar Vidhayalayaમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

ધન્ય તારી તપશ્ચર્યા.... મનથી કરીએ અનુમોદના.
નાની વયે જ સમજાઈ.... જ્ઞાન, દર્શન, તપની અગત્યતા
નવ્વાણું યાત્રા કરી કર્મ નિર્જરાથી, પામીશ તું દિવ્યતા,
શાસનદેવ તને આપે, ધર્મ, જ્ઞાન અને સંસારમાં સર્વાંગી સફળતા...

**શુભાશિષ**

માતુશ્રી મુરબાઇ દામજી ધુલ્લા સમસ્ત પરિવાર
માતુશ્રી મણીબાઇ મુલચંદ દંડ સમસ્ત પરિવાર



# ખોના પરિવારનું ગૌરવ

અમારા લાડલા પૌત્ર ચિ. ધ્વનિલ અમિષ ખોનાએ S.S.C.ની પરીક્ષામાં 84% મેળવી જ્વલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. અમે સૌ પરિવારજનો એને ઉજ્જ્વળ ભાવિની કામના સાથે હાર્દિક અભિનંદન આપીએ છીએ...

**શુભાશિષ**

| | | |
|---|---|---|
| દાદા-દાદી | : | અ.સૌ. વીણા રાજેન્દ્ર ખોના • અ.સૌ. રીના રવિન્દ્ર ખોના • અ.સૌ. હીના દેવેન્દ્ર ખોના |
| મમ્મી-પપ્પા | : | અ.સૌ. દીપાલી અમિષ ખોના |
| નાના-નાની | : | શ્રીમતી દેવીન્દ્રાબેન સુરેશચંદ્ર શાહ |
| કાકા-કાકી | : | સૌ. કૃતિકા પ્રિયેન ખોના તથા ચિ.વિનમી દેવેન્દ્ર ખોના |
| ફૂઆ-ફઇ | : | અ.સૌ. જિનાલી નીરજ શાહ • અ.સૌ. પ્રીયંકા જતીન શાહ |
| મામા-મામી | : | અ.સૌ. અલ્પાબેન રાજેશ શાહ |
| લાડકવાયો ભાઇ | : | ચિ. ભવિક અમિષ ખોના |
| | | ચિ. નેમિશ, ચિ. ધ્વનિ, ચિ. શ્લોક, ચિ. ધ્વનિ, ચિ. વિરાજ |

માતુશ્રી જયાબેન ગોવિંદજી જેવત ખોના સમસ્ત પરિવાર

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ચંપક જીવાણી-09820808077

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 25/2013

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું એક દાનવીર કુટુંબ

**લેખક - શ્રી લખમશી હીરજી મૈશેરી બી.એ.એલ.એલ. જે.પી. જડજ સ્મોલ કોઝીઝ કોર્ટ, મુંબઇ.**

(રાજેશ્રી લખમશીભાઇ મુંબઇની સ્મોલ કોઝીઝ કોર્ટએના પહેલા કચ્છી તથા પહેલા જૈન જડજ છે, તેમજ તેઓ પોતાની શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના મહાજનના પ્રમુખ છે. તેઓ એક વખત મુંબઇની મ્યુનીસિપલ કોર્પોરેશનના સભાસદ હતા.) તંત્રી – **'સ્વદેશ'**

***ખાસ નોંધ :*** વીસમી સદીના ત્રીજા દાયકામાં ભારતીયોમાં સ્વદેશી ભાવના પ્રેરવા તથા સાહિત્યમાં સ્વાતંત્ર્યની ભાવના ઝીલવા જે પ્રકાશનોએ ગુજરાતી ભાષામાં ઉલ્લેખનીય કામ કર્યું તેમાં **'સ્વદેશ'**નું સ્થાન મોખરે છે. વિશિષ્ટ ઉદ્દેશ્ય માટે પ્રગટ થતા આ સમાયિકના ખાસ ગણાતા દીપોત્સવી અંકમાં સ્થાન પામેલા લેખક અને લખાણ બન્નેનું વિશેષ મહત્વ ગણાય.

સ્વદેશના સંવત ૧૯૮૦ ઇ.સ.૧૯૨૪ના દીપોત્સવી અંકના પાના નં૩૫-૩૬-૩૭ અને એક તસવીર પેજ ૫૨ શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું એક દાનવીર કુટુંબ એવા શિર્ષક હેઠળ 'દાનવીર શેઠ ખેતસિંહ ખીયસિંહ' પુણ્યશાળી શેઠ હીરજી ખેતસિંહ અને સખી હૃદયી શેઠ હેમરાજ ખીયશી એવા પટાશિર્ષક સાથે જ્ઞાતિના અગ્રણી કુટુંબનો પરિચય છે. ૮૯ વર્ષ પહેલાં પ્રગટ થયેલો આ લેખ કચ્છ આદિપુર પાસેના અંતરજાળમાં રહેતા જીતેન્દ્ર ઉમરશી લાલકાએ મોકલાવેલ છે. તેની સાભાર નોંધીએ છીએ.

સ્વદેશમાં આ લખાણને સ્થાન મળવાના બે કારણો છે. એક તો એ કે તેના લેખક શ્રીયુત લખમશી હીરજી મૈશેરી બી.એ. એલએલબી, જે.પી મુંબઇની સ્મોલ કોઝીઝ કોર્ટના પહેલા કચ્છી તથા પહેલા જૈન જજ હતા તેમજ તેમણે ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇમાં પ્રમુખ તરીકે અને મ્યુનિસિપલ કોરપોરેટ તરીકે સારી નામના મેળવી હતી.

શ્રી લખમશી મૈશેરીએ 'સ્વદેશ' એવા સ્વદેશી ભાવનાવાળા સામાયિક માટે આ કુટુંબનો પરિચય આપવાનું ઠરાવ્યું તેનું કારણ દાનવીર શેઠ ખેતસિંહ ખીમસિંહ તે જમાનામાં રાષ્ટ્રીય ભાવનાથી શરૂ થયેલા બેન્ક ઓફ ઇન્ડિયા લિમિટેડ, જ્યુપીટર જનરલ ઇન્સ્યુરન્સ કાં. લિ. અશોક સ્વદેશી સ્ટોર્સ લી., ન્યુ સ્ટોક એક્ષચેંજ અને બોમ્બે કોટન એક્ષચેન્જ જેવા સફળ વેપારી સાહસોમાં ડાયરેક્ટર હતા તેમજ તેમણે રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત થઇ ચાલતી પ્રોફેસર ભંડારકર રિસર્ચ ઓરીએન્ટલ ઇન્સ્ટીટ્યુટને આજના હિસાબે ૨ કરોડ જેટલું તથા પંડિત માલવીયાજીની બનારસ હિંદુ યુનિવર્સિટીને (આજના હિસાબે ૨૦ કરોડ જેટલું) દાન આપ્યું હતું.

આ નામી પરિવારના વંશજ દોલત તરીકે ઓળખાય છે અને વાલ્કેશ્વર રહે છે તે હંસકુમાર હીરાચંદ હીરજી ખેતશી ખીંયશી (દોલત). એક બીજી વાત પણ નોંધપાત્ર છે કે 'સ્વદેશ' જેવા અલગ ભાવનાવાળા સામાયિકનો આર્થિક સમર્થન આપતા તથા તેના વાચકવર્ગમાં પણ ક.દ.ઓ. જૈન જ્ઞાતિના એ ભાવના ઝીલનારા હતા.

લેખક લખમશી મૈશેરી કેવા સિદ્ધહસ્ત લેખક હતા તેનો પરિચય તેમણે આ પરિચયો સાથે મુકેલ અંગ્રેજી પંક્તિઓમાંથી મળે છે. જેનો ભાવાર્થ છે.

***ઊંચે ને ઊંચે આપણે કરશું ચઢાણ***
***સર કરશું કીર્તિનું ઉત્તુંગ શિખર***
***જેથી આપણા દેશની ગૌરવગાથામાં રહે***
***સદાકાળ આપણાં નામ***

# જૈન ધર્મ તત્વજ્ઞાનનો અભ્યાસ

## મુંબઇ યુનીવર્સીટી

### ડીપાર્ટમેન્ટ ઓફ ફીલોસોફી

જ્ઞાનેશ્વર ભવન, વિદ્યાનગરી, કાલીના, સાંતાક્રુઝ (ઇ), મુંબઇ - ૪૦૦ ૦૯૮.

**૧૯૯૬ થી ચાલતા આ કોર્સમાં ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.**

### પાર્ટ ટાઇમ સર્ટીફીકેટ કોર્સ

અઠવાડીયામાં એક દિવસ, ૪ કલાક, એક વર્ષનો કોર્સ, હાલમાં આ કોર્સ શકુંતલા સ્કુલ (મરીન લાઇન્સ), કાલીના કેમ્પસમાં (સાંતાક્રુઝ, ઇસ્ટ) અને એમ.કે.હાઇસ્કુલ(બોરીવલી, વેસ્ટ) સેન્ટરમાં ચાલે છે. આ વર્ષે ઘાટકોપરમાં પણ નવું સેન્ટર શરૂ થશે. લઘુત્તમ લાયકાત : ૧૨ મી પાસ અથવા જુની એસ.એસ.સી પાસ
કોર્સની ફી : રૂા. ૨૮૦૦ (એક વર્ષની)

### વિષયો

૧) જૈન ઇતિહાસ તેની પ્રાચીનતા તથા અન્ય ભારતીય પરંપરા અને ધર્મ
૨) દુનીયાના અન્ય ધર્મ
૩) નવકાર મંત્ર-સંથારો
૪) તિર્થંકર, આગમ તથા અન્ય શાસ્ત્રો
૫) લોકસ્વરૂપ અને કાલચક્ર
૬) ચતુર્વિધ સંઘ-શ્રાવકાચાર-શ્રમણાચાર
૭) જૈન પુરાણ
૮) પાંચ પ્રકારના જ્ઞાન
૯) અનેકાંતવાદ/નયવાદ/ સ્યાદવાદ અને સપ્તભંગી
૧૦) છ દ્રવ્ય
૧૧) કર્મવાદ અને નવતત્વ
૧૨) જૈન નિતી, યોગ તથા ધ્યાન
૧૩) જૈન ધર્મના ફીરકા-દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે
૧૪) વર્ણભેદ અને જ્ઞાતિપ્રથા-જૈન ધર્મની દ્રષ્ટીએ
૧૫) તપ-પર્વ અને પુજા
૧૬) જૈન ફીલોસોફી-સ્ત્રીનું સ્થાન
૧૭) શાકાહાર, પર્યાવરણ તથા અહિંસાથી વિશ્વશાંતી
૧૮) જૈન તિર્થસ્થાનો, કળા અને શિલ્પ

### વિશેષતા

**★ સરળ ભાષામાં પરીક્ષા (અંગ્રેજી,ગુજરાતી, હિન્દી કે મરાઠી)**

**★ વિદ્વાન શિક્ષકો દ્વારા અભ્યાસ**

**★ સમૃદ્ધ લાયબ્રેરી ★ જૈન વિષયક - પીકનીક ★ સેમીનાર, વર્કશોપ, પ્રોજેક્ટ**

**આ ઉપરાંત જૈન તત્વ દર્શનમાં પાર્ટ ટાઇમ ડીપ્લોમાં, MA, M.Phil. અને P.hD. ના અભ્યાસક્રમ ઉપરોક્ત ડીપાર્ટમેન્ટ દ્વારા ચાલી રહ્યા છે.**

**જૈન ધર્મના તત્વના હાર્દને સરળ ભાષામાં જાણવાની અમુલ્ય તક**

**૨૪ જુન ૨૦૧૩થી નવા એડમિશન શરૂ થશે, સંપર્ક**


ડૉ. બીપિન દોશી 98210 52413 (બોરીવલી) Email : drbipindoshi@yahoo.com
ડૉ. નિતીન શાહ 93221 03231 (સાંતાક્રુઝ) શ્રી વિરેન્દ્ર શાહ 98192 94964 (મરીન લાઇન્સ)
શીલ્પા છેડા 93239 80615 (સાંતાક્રુઝ) શ્રી યોગેશ બાવીશી 98212 41840 (ઘાટકોપર)

***મહાનુભવોની કથા
અપાવે યાદ આપણને
કરી શકીએ આપણા
જીવનને ઉજ્જ્વલ
અને આપણા ગયા બાદ પણ રહે
આપણા પગલાં કાળની રેતી પર !***

❖ ❖ ❖

***સવાલ નથી માન કે અપમાનનો
એ ભૂમિકા ભજવીએ સારી પેઠે
સહજ મળે અધિકાર ગૌરવ ભરી
શાનનો.***

❖ ❖ ❖

***- ચંદ્રસેન મોમાયા***

**Higher, higher, will we climb,
Up the mount of glory,
That our names may live
through time,
In our country's story.**




કચ્છ મધ્યે આવેલ અબડાસામાં જૈનોના યાત્રાના સ્થળ તરીકે સુપ્રસિદ્ધ થયેલ સુથરી ગામના નરપાણી કુટુંબમાં શા. ખીઅસી કરમણનો જન્મ થયો હતો. તેઓ ખેતીવાડીના ઉત્તમ ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેમના સુપત્નિ ગંગાબાઈથી તેમને નવ પુત્ર તથા એક પુત્રીનો જન્મ થયો હતો. આ સંતતિ માંહેનાં પાંચ ભાઈઓના નામો અનુક્રમે ડોસાભાઇ, સામત ઉર્ફે લધાભાઇ, ખેતસિંહભાઇ, સોજપારભાઇ, તથા હેમરાજભાઇ હતા આ લેખ લખતી વખતે આ પાંચે ભાઈઓ પણ આ નિઃસાર સંસારને તજી ગયા છે.

શેઠ ડોસાભાઇને પુત્ર સુખ ન હોવાથી તેમણે તેમના દોહિત્ર માણેકજીને ખોળે બેસાડેલ છે. શેઠ લધાભાઇને એક પુત્ર નામે દેવજીભાઇ હતા તેઓ પણ આ ફાની દુનિયા તજી ગયા છે અને પોતાની પાછળ જીવરાજ તથા લખમશી નામના બે બાળકો મૂકી ગયા છે. શેઠ ખેતસિંહભાઇ કે જેઓ આજના વૃતાંતના મૂળ પુરૂષ ગણી શકાય તેમને એક પુત્ર નામે હીરજીભાઇ હતા. તેમનું અકાળ મૃત્યુ આજથી ચારેક વર્ષ ઉપર પારિસ ખાતે થયું હતું. સ્વર્ગસ્થ શેઠ હીરજીભાઇ પોતાની પાછળ એક બાળપુત્ર નામે હીરચંદ મુકી ગયા છે. ખીઅસીભાઇના ચોથા પુત્ર શેઠ સોજપાલ ભાઈના બે પુત્રો ભાઇ શામજી તથા શિવજી હૈયાત છે. તેમના અનુક્રમે દામજી અને નરસી તથા ડુંગરશી અને વર્ધમાન નામના પુત્રો હયાત છે, જેમાંથી ભઇ દામજીને ત્યાં શામજી નામનો પુત્ર હયાત છે સૌથી નાન અને છેલ્લા શેઠ હેમરાજભાઇ પોતાની પાછળ શામજી ભાઇને મુકી આ સંસારનો સદાને માટે ત્યાગ કરી ગયા છે.

આવી રીતે શા. ખીઅસી કરમણના કુટુંબની ટુંક ઓળખ આપી એ કુટુંબમાં નામના મેળવનાર વ્યક્તિઓના જીવનની આપણે ટુંક નોંધ લઇશું.

***(ક્રમશઃ)***

# શ્રી અરિહંત કો.ઓપ.બેંક લી.

Head Ofice : GB 10A & B, Karma Stambh, Opp. Kailash Com. Complex,
L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083.
**H.O. Tel.** : 2579 9326 • Fax : 2579 9323 • Email : acbiho@arihantbank.com
**Branches :** Bhandup - 2595 4422 • Mulund - 2564 7157 • Ghatkopar - 25015820
Chinch Bunder - 2347 8134 • Mohili Village (Asalfa) - 2502 3778 • Dombivli (E) - 2445809
• Vashi - 27849430 • Thane - 25437977

## શૈક્ષણિક ઇનામ તથા સ્કોલરશીપ યોજના વર્ષ ૨૦૧૩

### શ્રી અરિહંત બેંકના શેરધારકોના વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા શૈક્ષણિક ઈનામ યોજના

| કોર્સ (Course) | શિક્ષણ શાખા (Faculty) | ઈનામ-સ્કોલરશીપ (Prizes/Scholarship) | લઘુતમ ગુણાંક (Minimum Marks) |
|---|---|---|---|
| S.S.C | (Board / CBSE) | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 90% |
| | SSC માટે | સ્કોલરશીપ | 85% |
| F.Y.J.C. | સાયન્સ/ઈન્જીનિયરીંગ/મેડીકલ | સ્કોલરશીપ | 85% |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 75% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 60% |
| H.S.C. | સાયન્સ/ઈન્જીનિયરીંગ/મેડીકલ | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 90% |
| | કોમર્સ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 70% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 60% |
| 1st year | સાયન્સ/ઈન્જીનિયરીંગ/મેડીકલ/કોમર્સ | સ્કોલરશીપ | 80% |
| Degree Course | તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 70% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 60% |
| IInd Year | સાયન્સ/ઈન્જીનિયરીંગ/મેડીકલ/કોમર્સ | સ્કોલરશીપ | 80% |
| Degree Course | તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 70% |
| | આર્ટસ્ તથા તેને લગતા સરકારમાન્ય કોર્સ | સ્કોલરશીપ | 60% |
| IIIrd Year | સાયન્સ Faculty માટે | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 75% થી વધારે |
| Degree Course | કોમર્સ Faculty માટે | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 65% થી વધારે |
| | આર્ટર્સ Faculty માટે | પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામ | 60% થી વધારે |
| | આગળના અભ્યાસક્રમ માટે | સ્કોલરશીપ | 65% થી વધારે |
| MU/CET/CPT | All Entrance examinations | એક ઈનામ | 150 થી વધારે ગુણાંક |
| Post Graduate Couses | C.A. (Final) / M.B.B.S. / Engineering | Prizes from each faculty | |
| | Co. Secretary & Other Govt. Recognised | | Stream Obtained |
| | Professional Courses | | Higherst Marks |

**નોંધ :** શૈક્ષણિક ઈનામો તથા સ્કોલરશીપ પાત્રતાના નિયમો માટે આગળનું પાનું જુઓ

# શ્રી અરિહંત કો.ઓપ.બેંક લી.

Head Ofice : GB 10A & B, Karma Stambh, Opp. Kailash Com. Complex,
L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083.
**H.O. Tel.** : 2579 9326 • Fax : 2579 9323 • Email : acbiho@arihantbank.com
**Branches :** Bhandup - 2595 4422 • Mulund - 2564 7157 • Ghatkopar - 25015820
Chinch Bunder - 2347 8134 • Mohili Village (Asalfa) - 2502 3778 • Dombivali (E) - 2445809
• Vashi - 27849430 • Thane - 25437977

## સ્કોલરશીપ તથા શૈક્ષણિક ઇનામ યોજના માટે સામાન્ય નિયમો

૧) ઉપરોક્ત ઇનામો તથા સ્કોલરશીપ માટેના પાત્ર વિદ્યાર્થીઓના વાલીઓ (Parents) ૩૧.૩.૨૦૧૩ સુધી શ્રી અરિહંત બેંકના શેરધારક (Share Holder) હોવા જરૂરી છે.

૨) જે વિદ્યાર્થી ૧૬.૭.૨૦૧૨ પછી કોર્સ પાસ કરેલ હશે. તેઓ પણ અરજી કરી શકશે.

૩) ઉપરોક્ત ઇનામ યોજના માટેની અરજીઓ **૧.૭.૨૦૧૩** સુધી સ્વીકારવામાં આવશે.

૪) સ્કોલરશીપ માટેની અરજીઓ **૩૧.૧૨.૨૦૧૩** સુધીજ સ્વીકારવામાં આવશે.

૫) શૈક્ષણિક નિયમ તથા સ્કોલરશીપ માટે અરજીપત્રકો શ્રી અરિહંત બેંકની બધી શાખાઓ તથા હેડ ઓફીસથી મળી શકશે.

૬) ઉપરોક્ત શૈક્ષણિક ઇનામ તથા સ્કોલરશીપ ફક્ત સરકારમાન્ય કોર્સ માટેજ પાત્ર ગણાશે. આ પરીણામોમાં સ્પોર્ટ માટે કે અન્ય મળેલ ગુણાંક ગણવામાં આવશે નહીં.

૭) જે કોઇ વિદ્યાર્થીએ શ્રી અરિહંત બેંક પાસેથી શૈક્ષણિક લોન લીધેલ હશે તો ઇનામ અથવા સ્કોલરશીપની રકમ તે વિદ્યાર્થીની લોન પેટે જમા કરવામાં આવશે.

૮) વિદ્યાર્થીએ પોતાની પરીણામની માર્કશિટની પ્રમાણીત નકલ (Certified Copy) બેંકમાં અરજી સાથે આપવાની રહેશે.

**નોંધ :** ૧) ઇન્જીનિયરીંગ તથા મેડીકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓએ પરીક્ષા પરિણામ મળેથી એક મહિનાની અંદર અરજી કરવાની રહેશે.

૨) બેંકના શેરધારક (Share Holder) તથા કર્મચારીઓના વિદ્યાર્થી, જેઓએ ઉપરોક્ત કોર્સ સિવાય સરકારમાન્ય કોર્સની ડીગ્રી તથા ઉચ્ચ ડીગ્રીમાં વધારે ગુણાંક પ્રાપ્ત કરેલ હશે તેઓ અરજી મોકલાવી શકશે તેમના શૈક્ષણિક ઇનામ માટે શ્રી અરિહંત બેંકના ડાયરેક્ટર્સ બોર્ડમાં નિર્ણય લેવામાં આવશે.

***Wishing all the best to the deservings Students....***

| | | |
|---|---|---|
| **શ્રી કુમારભાઇ દંડ** | **શ્રી કલ્યાણજીભાઇ છેડા** | **શ્રી એમ.સી. શેટ્ટી** |
| (ચેરમેન) | (વાઇસ-ચેરમેન) | (સી.ઇ.ઓ.) |

## શ્રી ભલારા દાદા દેવસ્થાન-વરાડીયા

**શ્રી ભલારા દાદાને નમતા વરાડીયાના સર્વે ભાવિકો જોગ,**
**જય શ્રી દાદા ભલારા,**

વરાડીયામાં હાલ જે જગ્યામાં દાદા ભલારાનું દેવસ્થાન છે તે ડેલીબંધ જગ્યા દાદા ભલારાની અસીમ કૃપાથી **શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ-વરાડીયા** દ્વારા હસ્તગત કરવામાં આવી રહી છે. તથા એ જગ્યામાં દાદા ભલારાના નૂતન દેવસ્થાનનું નિર્માણ કરવાની ભાવના છે. હાલ આ દેવસ્થાનનું સંચાલન શ્રી ડાઘા મોમઈમા મિત્ર મંડળ-વરાડીયા હસ્તક છે.

તા.૨.૬.૧૩નાં મુલુન્ડમાં આયોજિત મીટીંગ દરમ્યાન નક્કી થયા મુજબ આ જગ્યાની ખરીદી, નૂતન દેવસ્થાન નિર્માણ ખર્ચ તથા જગ્યા રીપેરીંગ ખર્ચ અંદાજિત રૂા.૧૦ લાખ છે. મીટીંગમાં ઉપસ્થિત ભાવિકો તરફથી નોંધપાત્ર ફાળો લખાવવામાં આવ્યો છે. આપ સર્વે વરાડીયાના દાદા ભલારાને નમતા ભાવિકો સમક્ષ પણ ફંડ માટે ટહેલ નાખવામાં આવે છે. આપનો ફાળો રોકડમાં અથવા ચેકથી (ચેક) ‘શ્રી ડાઘા મોમાઈમાં મિત્ર મંડળ (વરાડીયા)’ના નામે નીચેના સરનામે મોકલવા નમ્ર વિનંતી છે.

**શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા**

**અંબા શીપીંગ એજન્સીસ, ૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૪થે માળે,**
**૯૯, મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૪૦૦૦૦૯. ફોન : ૨૩૪૮૧૭૪૪/૨૩૪૮૧૮૭૫**

**અન્ય સંપર્ક :**

**દીપક ગંગાજર ડાઘા - 8976017830 નલીન રતનશી ડાઘા - 9769111040**
**નીતિન પદમશી ડાઘા - 9004391412**

## શ્રી ડાઘા મોમઇમાં મિત્ર મંડળ-વરાડીયા

**જય માતાજી,**

વરાડીયામાં બિરાજમાન **ડાઘા પરિવાર**ના કુળદેવી શ્રી મોમાઈ મોતાજીની મુંબઈમાં સળંગ ૨૧મી સમુહ પહેડીનું આયોજન ૧૭.૨.૨૦૧૩ના ભાંડુપમાં થયેલ. જેના સહયોગી દાતા **મા. કસ્તુરબેન દામજી વેલજી ડાઘા પરિવાર** હ. અશોકભાઇ કોઇમ્બતુર તથા **મા. ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર** હ. હીરાલાલભાઇ-(માટુંગા)એ લાભ લીધેલ. ઉપરોક્ત બન્ને પરિવારોએ વરાડિયામાં ૧૨.૪.૧૩ના કુળદેવીશ્રીના ભુવાશ્રીની બાના બદલી તથા ધ્વજારોહણ, સમુહ પહેડી તથા દાદા ભલારા દેવસ્થાનના ધ્વજારોહણનો લાભ પણ લીધેલ, મુંબઈથી પધારેલ ૨૫ ભાવિકોની એ.સી. ટ્રેન ટીકીટ અને ગાંધીધામ વરાડીયા-ભુજ પ્રવાસના સૌજન્ય દાતા પણ આ જ પરિવારો હતા. મંડળ તેમની ભુરીભુરી અનુમોદના કરે છે.

**આગામી ચાર વર્ષોની મુંબઈમાં યોજનારી સમુહ પહેડીના દાતાઓ**

| પહેડી ક્ર. | વર્ષ ઇ.સ. | લાભાર્થી પરિવાર |
|---|---|---|
| ૨૨ | ૨૦૧૪ | **મા. જયાબેન ધનજી પરિવાર ડાઘા** (હ. હરીશભાઈ-ભાંડુપ) |
| ૨૩ | ૨૦૧૫ | **એક સુશ્રાવિકાબેન** (મુલુન્ડ) |
| ૨૪ | ૨૦૧૬ | **મા. મણીબાઈ દેવજી નરપાર ડાઘા પરિવાર** (હ. શાંતિલાલભાઇ ડાઘા (મુલુન્ડ) |
| ૨૫ | ૨૦૧૭ | **મા. હીરબાઈ રામજી વેલજી ડાઘા, મા. ચંદનબેન લક્ષ્મીચંદ રામજી ડાઘા મા. સરલાબેન પ્રતાપ રામજી ડાઘા (મુલુન્ડ)** |

**મંડળ આ સર્વે સહયોગી દાતા પરિવારોની ભુરી ભુરી અનુમોદના કરે છે.**

દાદાભલારા દેવસ્થાન વરાડીયાના નવનિર્માણ ફંડમાં ઘર દીઠ દરેક પરિવારને ફૂલ નહીં તો ફૂલની પાંખડી રૂપે ફાળો અવશ્ય આપવા નમ્ર વિનંતી છે જેથી નવનિર્માણ કાર્યમાં સૌનો ફાળો રહે.

**પ્રકાશન સૌજન્ય : મે. અંબા શીપીંગ એજન્સીસ (મુંબઈ)**

॥ શ્રી મુનિસુવ્રત સ્વામીને નમઃ ॥ ॥ નમો શ્રી જિનશાસનાય નમઃ ॥ ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**શ્રી ગૌતમ-સુધર્મા-સ્થૂલીભદ્ર-આર્યરક્ષિત-ગુણ-ગુણોદય-કલાપ્રભ-મહોદય-ગુરૂભ્યો નમઃ**

સમસ્ત શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિને જણાવતાં અતિ હર્ષ અને આનંદ અનુભવીએ છીએ કે શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની અસીમ કૃપાથી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર અને સંઘના પુણ્યોદયથી છેલ્લા પાંચ વર્ષની સતત વિનંતીને માન આપીને અચલગચ્છાધિપતિ પૂ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી, પ્રવચન પ્રભાવક-ગચ્છ ગૌરવ- સૂરિ ગુણના લાડીલા **પૂ.મુનિ દેવરત્નસાગરજી મ.સા.** આદિ ઠાણાઓ (અચલગચ્છીય મુનિવરો)ના પ્રથમ ચાતુર્માસ તામિલનાડુ રાજ્યે કોઈમ્બતુર નગરે સં.૨૦૬૯/૭૦નો લાભ મળેલ છે.

## કોઇમ્બતુર નગરે પૂ. મુનિરાજ દેવરત્નસાગરજી આ.ઠા.ના ચાતુર્માસે પધારવા પ્રેમથી - હેતથી - દિલથી આમંત્રણ....

દાદા આર્યરક્ષિતસુરીજી સ્થાપિત અચલગચ્છ પ્રવર્તનનું નવમ શતાબ્દિ વર્ષ **૯૦૦**

કચ્છી હૃદયસમ્રાટ પુ.આ. શ્રીગુણસાગરસુરીજીનું જન્મ શતાબ્દિ વર્ષ **૧૦૦**

**નગર પ્રવેશ :**
**જેઠ વદ આઠમ, રવિવાર,**
**તા.૩૦.૬.૧૩ સવારના ૫.૪૦ કલાકે...**

**ચાતુર્માસ પ્રવેશ :**
**અષાઢ સુદ છઠ રવિવાર તા.૧૪.૭.૧૩ના સવારે ૮.૧૫થી ૯.૩૦ કલાકે...**

**કોઈમ્બતુર નગરે**

મુખ્ય મોટા ૫ જિનાલય
નાના ૨ ગૃહ જિનાલય
કચ્છીઓના ૯૦ ઘર
ગુજરાતીઓના ૧૮૦ ઘર
મારવાડીઓના ૧૫૦૦ ઘર

**કોઈમ્બતુરથી અંતર**

| | | |
|---|---|---|
| કન્યાકુમારી | - | ૫૦૦ કિ.મી. |
| ચેન્નઈ (મદ્રાસ) | - | ૫૦૦ કિ.મી. |
| મદુરાઈ | - | ૨૨૫ કિ.મી. |
| કોચીન | - | ૨૨૦ કિ.મી. |
| કલીકટ | - | ૨૦૦ કિ.મી. |
| મૈસૂર | - | ૧૮૦ કિ.મી. |
| કોડાઈકેનાલ | - | ૧૮૦ કિ.મી. |
| ઊટી | - | ૯૦ કિ.મી. |

**-: ચાતુર્માસ સ્થળ :-**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય,
શ્રી કોઈમ્બતુર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,
૧૩૪, ઈસ્ટ પોન્નુરંગમ રોડ, આર.એસ. પુરમ કોઈમ્બતુર-૬૪૧૦૦૨.
પેઢી ફોન : (0422) 2555228

**સંપર્ક :**
વિપિનભાઈ - **09943916101** પ્રદીપભાઈ- **09843020776**

**• • • • • • • • • રેલ્વે આવાગમનની જાણકારી • • • • • • • • •**

કુર્લા-કોઈમ્બતુર એક્સપ્રેસ - કુર્લાથી રાત્રે ૧૦.૩૦ કલાકે
જયંતી જનતા એક્સપ્રેસ - સીએસટીથી બપોરે ૩.૩૦ કલાકે
કોઈમ્બતુર-કુર્લા એક્સપ્રેસ - કોઈમ્બતુરથી સવારે ૮.૩૦ કલાકે
જયંતી જનતા એક્સપ્રેસ - કોઈમ્બતુરથી સાંજે ૫.૫૫ કલાકે

**રોજના ત્રણ વિમાનની સેવા ઉપલબ્ધ છે.**
**Jet Lite, Indigo, Air India**

**નોંધ : આપણાં જ્ઞાતિ મહાજનના સર્વે ભાઈ-બહેનો અને નિયાણીઓને આ વર્ષે ગુરૂભગવંતોના ચાતુર્માસ દરમ્યાન લાભ લેવા નમ્ર વિનંતી છે.**

***જિનશાસનજી પ્રભાવના અને ગચ્છજો ગૌરવ નેરેલા જરૂરથી અચીજા...***



*** નિમંત્રક ***

**શ્રી કોઈમ્બતુર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ**
**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન - કોઈમ્બતુર**



॥ શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ॥

## શ્રી રંગપુર નગરે પર્યુષણ પર્વ ઉજવણી પ્રસંગે ભાવભર્યું આમંત્રણ

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પધારી રહ્યા છે. હરહમેશની જેમ શ્રી ભીડભંજન પાર્શ્વનાથના દરબારે શ્રી રંગપુર નગરે, પર્યુષણ પર્વ ધામધુમ અને ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે સર્વે રંગપુરવાસી ભાઇ-બહેનો તેમજ નિયાણી બહેનોના પરિવારને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમ**

**પર્વ પ્રારંભ** : શ્રાવણ વદ ૧૨ને રવિવાર ૨.૯.૨૦૧૩

**પુર્ણાહુતી** : ભાદરવા સુદ ૬ને મંગળવાર ૧૦.૯.૨૦૧૩

**સાધર્મિક ભક્તિ** : શ્રી સંઘના રસોડે ૯ દિવસ સુધી દરરોજ ત્રણે ટાઇમ રહેશે.

**સાધર્મિક ભક્તિનો લાભ** : ૧ દિવસનો નકરો રૂા.૧૧,૦૦૦/- રહેશે.
મહાવીર જન્મ વાંચન દિને બીજના અને
છઠ્ઠના પારણાંનો નકરો રૂા.૨૧ હજાર રહેશે.

**મુંબઇથી સંઘરૂપે પ્રસ્થાન**: શ્રાવણ વદ ૧૧ને શનિવાર ૩૧.૮.૨૦૧૩ના
સૌરાષ્ટ જનતા એકસપ્રેસ વાંદરાથી સાંજના ૫.૩૫ કલાકે.

**સંપર્ક : શ્રી નીતિન ભાયચંદ ધરમશી-૯૮૯૨૯૫૦૮૧૪**

**નિમંત્રક**

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન ભીડભંજન પાર્શ્વનાથ દેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટના ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર વાંચશોજી.**

## શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘના આંગણે... ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ

શ્રી દેવ-ગુરૂની અસીમ કૃપાથી તથા તપસ્વીસમ્રાટ, અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞ-મુહૂત-અંતર આશીર્વાદોથી પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા **પૂ.સા.શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા** ૪નું ચાતુર્માસ શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘના આંગણે છે.

શ્રી સંઘ પાસે પોતાનું દેરાસર-ઉપાશ્રય ન હોવા છતાં પણ... શ્રી સંઘ પ્રતિ અનહદ લાગણી ધરાવતા પૂ. સાધ્વીજી ભગવંત સતત શ્રી સંઘની ઉન્નતિ માટે અને સ્વના અભ્યાસ માટે અનેક અગવડોની વચ્ચે પણ આ બીજાું ચાતુર્માસ પણ એજ 'મકાનમા' કરશે અને હા.. ગતસાલ તન-મન-ધન અને 'મકાન' આપી સંપૂર્ણ ચાતુર્માસનો લાભ **માતુશ્રી તેજબાઇ ભવાનજી મૈશેરી પરિવાર** (ગોધરા)એ લીધેલ તો આ વરસે પૂજ્યશ્રી પ્રતિ અનુપમ ભક્તિ ધરાવતા **શ્રી અનિરૂદ્ધસિંહ જાડેજાએ** પોતાનું ભવ્ય અને આલિશાન 'મકાન' અંતરની ઉદારતાથી પુજ્યોની સ્થરતા માટે આપેલ છે. તો અમને તેઓશ્રીના, શ્રી સેવક-ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘના તેમજ **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર** (ભરુડીયા-મુલુન્ડ)ના સહૃદયે આભારી છીએ. જેમણે આ વરસે પણ પ્રવેશ મહોત્સવનો લાભ લીધેલ છે. **તા.૧૪.૭.૧૩**ના અષાઢ સુદ-૭ના સવારના ૮.૩૦ કલાકે ચાતુર્માસના પ્રવેશ પ્રસંગે તથા પર્યુષણ બાદ શ્રી સંઘરૂપે પૂજ્યોને સંવત્સરી વંદનાર્થે પધારવા શ્રી સંઘોને, જ્ઞાતિજનોને તથા ગામવાસી ભાવિકોને અમે વિનંતી સાથે અપીલ કરીએ છીએ કે આપશ્રી અમારા નાનકડા શ્રી સંઘ પ્રત્યે અમીદૃષ્ટી કરી પધારીને લાભ આપશો. ગચ્છના સાધુ-સંતો મહાત્માઓને ઉતરવા અને શ્રી સંઘને આરાધના કરવા એક સ્થાનનું અવશ્ય નિર્માણ થશે એવી હૃદયની લાગણી સાથે,

**શ્રી રાજકોટ અચલગચ્છ જૈન સંઘના પ્રણામ**

સંઘનું સામૈયું યુનિવર્સિટી રોડ, સુમિતનાથ જિનાલયેથી નિકળી શ્રીઅનિરુદ્ધસિંહ જાડેજાના મકાનમાં પધારશે.

**સંપર્ક : પ્રુમખ શ્રી કાંતિભાઇ નાગડા-09377777935**

## આનંદો, સુથરીવાસીઓ વરસાદી પિકનીક...

**સોનથરી લેડીઝ વીંગ** તથા **સુથરીવાસીઓ**ની ઘણાં દિવસથી એકબીજાને નિરાંતે મળવાની ઇચ્છા પૂરી થવા જઇ રહી છે.

### ક્યાં ?... ક્યારે ?... કેવી રીતે ?...

**શનિવાર ૬.૭.૧૩ અને રવિવાર ૭.૭.૧૩ના** બસ દ્વારા બે દિવસના આનંદ પર્યટનનો કાર્યક્રમ ગોઠવેલ છે **મહાબળેશ્વર-પંચગીની** ગિરીમથકે... સાથે ત્યાં સેવાપૂજા, દર્શન અને સાઇડ સીઇંગનો કાર્યક્રમ છે. વરસતા વરસાદની મજા માણવા... બધા સાથે હરશું-ફરશું, રમશું અને ધમાલ મસ્તી કરશું.

**માથા દીઠ ટિકીટ : રૂા.૨૫૦૦ (પચ્ચીસસો પૂરા) નામ લખાવવાની છેલ્લી તા. ૨૮.૬.૧૩**

**-: સંપર્ક :-**

**મંદાકીની મૈશેરી-8097003359, નયના મોમાયા-9870170710, કાંતા છેડા-9833709129, કિરણ નાગડા-9004117771, સરોજ લોડાયા-766574620 નીના સાયલા-9022876713, હર્ષા છેડા - 9833904961, મધુ મોતા- 9833168740**

## HYDERABAD PEARLS GROUP

**(હૈદ્રાબાદની નિયાણી બહેનો)** જય જિનેન્દ્ર,

હૈદ્રાબાદની કચ્છી જૈન નિયાણી બહેનો, જે હવે મુબંઇ અને મુંબઇના પરાઓમાં Settle થઇ છે, એમને સહર્ષ જણાવીએ છીએ કે, આપણાં Groupને ૩ વર્ષ પૂરા થયા છે. આ ૩ વર્ષમાં આપણે વિવિધ કાર્યક્રમો get - together કરી, એક બીજાને મળીને, જૂની યાદો તાજી કરી છે અને ઘણી મોજમજા માણી છે. Groupનું આ વર્ષનું પ્રથમ કાર્યક્રમ Workshop on "Nutrition for Skin and Hair" by Naturo-pathic Nutritionist **Ms.Dhvani Shah** શુક્રવાર **તા.21.06.2013ના** બપોરના ૨ વાગે વેલબાઇ સભાગૃહ, માંટુગા (સે.રે.)માં રાખવામાં આવેલ છે. સાથે તમારા માટે યોજેલ છે- **"Healthy Recipe" contest,** જેમાં તમને દહીંથી બનાવેલી Tasty અને Healthy વાનગી ઘરેથી બનાવીને લઇ આવવાની રહેશે, સાથે રેસીપીની ૨ કોપી પણ લઇ આવવાની. વર્ષ ૨૦૧૩-૧૪ માટે સભ્ય ફી રૂા.૬૦૦/- નવી મેમ્બરશીપ આવકાર્ય. ગેસ્ટ ફી રૂા.૨૫૦/- આ Group join કરવા, Programme અને હરીફાઇ માટે નામ લખાવવા કન્વીનરોનો સંપર્ક કરવા વિનંતી

Priti Maru-9821534663, Mona Gala - 9322694527, Rajul Dharamshi - 9820741173

॥શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ॥

## રાપરગઢવારી - નાની સિંધોડી ક. દ. ઓ. જૈન સંઘ

આયોજીત

પર્વાધિરાજ પર્યુષણ પર્વ ની આરાધના અર્થે સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો ને પધારવા ભાવભર્યું આમંત્રણ છે

પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રારંભ : શ્રાવણ વદ ૧૩ ને સોમવાર તારીખઃ ૦૨.૦૯.૨૦૧૩ થી ભાદરવા સુદ ૬ મંગળવાર તારીખ : ૧૦.૦૯.૨૦૧૩

શ્રી ગોડિયા પાર્શ્વનાથજી ની શિતલ છાયામાં પર્યુષણ પર્વ ની આરાધના કરવા નીચે મુજબ કાર્યક્રમ ની રૂપરેખા.

**મુંબઈ થી વિ. સ. ૨૦૬૯ ને શ્રાવણ વદ ૧૧ ને શનિવાર તા. ૩૧.૦૮.૨૦૧૩ ના ટ્રેન દ્વારા પ્રસ્થાન.**
**ભુજ થી વિ. સ. ૨૦૬૯ ને ભાદરવા સુદ ૭ ને બુધવાર તારીખ. ૧૧.૦૯.૨૦૧૩ ના ટ્રેન દ્વારા પરત.**

વ્યક્તિદીઠ નકરો રૂ. ૧૧૦૦/- રાખેલ છે.
ઈચ્છુક ભાગ્યશાળીઓ પોતાના નામો તારીખ. ૧૫.૦૬.૨૦૧૩ સુધી લખાવી શકે છે.

પર્યુષણ પર્વની આરાધના કરાવવા દાતા આવકાર્ય છે. સમુહ ફાળો રૂપિયા : ૫૦૦૦/- પ્રતિ દાતા રાખેલ છે.

ચંદુભાઈ મૈશેરી : ૦૯૮૩૩૧૫૧૨૫૮ — સંપર્ક — સોમચંદ નાગડા : ૦૯૮૩૩૮૧૬૧૩૧

નિમંત્રક
રાપરગઢવારી - નાની સિંધોડી ક. દ. ઓ. જૈન સંઘ




## મુંબઇ મહાજનના અધિકારીઓની અપરિપક્વ હરકતો

મુંબઇ મહાજનમાં જ્ઞાતિજનો દ્વારા જન્મ, સગપણ, મરણ ઇત્યાદિની નોંધણી થાય છે તે જાણે મહાજનના અધિકારીઓની પોતાની ખાનગી માલિકીની હોય તેમ મહાજનના અધિકારીઓએ તેવી યાદી કે માહિતી અને મહાજનની પ્રવૃત્તિઓનાં અહેવાલ કે સમાચાર 'પ્રકાશ-સમીક્ષા'ને આપવાનું છેલ્લા ત્રણેક મહીનાથી બંધ કર્યું છે. તે હકીકત વાંચી ખૂબજ અચરજ થયું તેમજ આંચકો પણ લાગ્યો અને મહાજનના અધિકારીઓ હવે છોકરમત પર ઉતરી આવ્યા હોય તેવી છાપ પડી.

જ્ઞાતિજનો મહાજનાઉ લાગા અને અન્ય લાગા ભરે છે તેથી તેમનો હક છે અને મહાજનની ફરજ છે કે જન્મ-સગપણ-લગ્ન-મરણની જે પણ નોંધણી મહાજનના દફ્તરે થાય છે તે અને મહાજનના પ્રવૃત્તિઓના સમાચાર અન્ય જ્ઞાતિજનોને પણ મળે. આ માટે 'પ્રકાશ-સમીક્ષા' જેવા ૯૦ વર્ષના સર્વસ્વીકૃત જ્ઞાતિપત્ર, જેની દર સપ્તાહે સાત હજાર નકલો જ્ઞાતિજનોને પહોંચે છે તેને તેવી માહિતી મહાજનશ્રી દ્વારા દાયકોઓથી મોકલવામાં આવે છે તે પ્રથા ચાલુ રાખવી જોઇએ જેથી તે પ્રકાશિત થતી રહે અને જ્ઞાતિજનો નિયમિતપણે વાકેફ થવા જોઇએ. આવી દાયકાઓ જુની પ્રણાલીકાને પડતી મુકવાનો નિર્ણય મહાજનના સભ્યોએ કેવી રીતે લીધો એ ગહન પ્રશ્ન છે.

'પ્રકાશ-સમીક્ષા' કે 'પાંજો પ્રતિબિંબ' માં જ્ઞાતિજનોનાં મંતવ્યો અને તંત્રીલેખોમાં મહાજન અને અનંતનાથજીની ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વિવિધ કાર્યવાહી અંગે ટીકા-ટીપણ અને સમીક્ષા થાય છે તે એક પત્રકારીય ફરજ છે. તે હકીકતને ભૂલીને મહાજનના મુખ્ય અધિકારીઓ (જેઓ ટ્રસ્ટીઓ પણ છે) આવું કિન્નાખોરી વલણ અપનાવી રહ્યા છે તે તેમને બિલકુલ શોભતું નથી.

અમે આથી અનુરોધ કરીએ કે મહાજનના અધિકારીઓ અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પોતાને મુંબઇ મહાજનના અને ટ્રસ્ટના રેકોર્ડના ખાનગી રખેવાળો કે માલિકો સમજી બેઠા છે તેવી મનોવૃત્તિને તિલાંજલિ આપી, જ્ઞાતિના નમ્ર કાર્યકરો તરીકે પેશ આવે.

**મુંબઇ ૧૨.૬.૧૩** **-કલ્પેશ મોતા**


## લક્ષ્મીબેન સોની મેરેજ બ્યુરો

સૌ. લક્ષ્મીબેન વી. સોની (સુથરી-મુલુન્ડ) જ્ઞાતિમાં તથા ક.વિ.ઓ. સમાજમાં લગ્નોત્સુક પાત્રો માટે સગપણ સંબંધી માહિતી આપવાનું શરૂ કરેલ છે.

ઇચ્છુકો ફોન : **9869386673** પર એપોઇન્ટમેંટ લઇ સંપર્ક કરી શકશે. સગપણ હેતુ સમકક્ષ-યોગ્ય પાત્રોની પસંદગી માટે વધુમાં વધુ માહિતી અને સંપર્ક માટે મળો.


## લોડાયા અને છેડા પરિવારનું ગૌરવ



**ચિ. જૈની કમલેશ લોડાયા**
(કોચીન-મોટી વરંડી)
HSCમાં 65% માર્ક મેળવી પરિવારનું નામ રોશન કરેલ છે. હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિ અને જીવનમાં ખૂબ ખૂબ આગળ વધો એવી અંતરની શુભેચ્છાઓ...

**શુભ આશીષ**

દાદાણાં : ખમાવંતી ઝવેરીલાલ લોડાયા પરિવાર (કોચીન)
નાનાણાં : સુશીલા લખમશી વિજપાર છેડા (કોચીન-વાંકી)
મમ્મી-પપ્પા : કાજલ કમલેશ લોડાયા (કોચીન)

## હાર્દિક અભિનંદન





**પલક વિજય લાપસીયા** (દલતુંગી-સાંતાક્રુઝ)
ICSE (10th) - 93%

ફેલાવી પાંખો સપનાનાં ગગનમાં
આમ જ સર કરજે શિખરો જીવનમાં...
તપી સુવર્ણની જેમ મહેનત તણી અગનમાં,
અને ચમકજે આભુષણ બની અમ પરિવારમાં...

માં સરસ્વતીની કૃપા સદાય પલક પર વરસતી રહે અને ઉત્તરોત્તર આવીજ સફળતા મેળવીને કુટુંબનુ અને ગામનું નામ રોશન કરે એવી અંતરની અભિલાષા, અભિનંદન અને આશીર્વાદ...

**દાદાણાં : માતુશ્રી નવલબેન હંસરાજ લાપસિયા**
**નાનાણાં : માતુશ્રી સુશીલાબેન જેઠાલાલ ખોના**
**માતા-પિતા : શ્રીમતી નીલમ વિજય લાપસિયા**

MAY YOU ACHIEVE MORE SUCCESS AHEAD
CONGRATS MY DEAR SISTER.... HARSH

# શ્રી રાપરગઢ - નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ

## વર્ષ ૨૦૧૩ની વિવિધ પરીક્ષામાં ઉતીર્ણ થયેલાનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક

તા.

વાલીનું પુરું નામ અને અટક ______________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

કચ્છમાં ગામ રાપરગઢવારી / નાની સિંધોડી ______________________

પત્રવ્યવહારનું પુરું સરનામું ______________________

______________________ પીન __________ ફોન __________

તા. - - ૨૦૧૩ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ - પિતા - દાદા - અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

***પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્નેહ મિલનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.***

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૦-૦૮-૨૦૧૩**

(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)

## સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના ભારત ભરમાં વસવાટ કરનાર રાપર / નાની સિંધોડી ગામવાસિયો પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ તા. ૩૦-૦૮-૨૦૧૩ સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. પુરસ્કાર સમિતિ :**શ્રી રાપરગઢ - નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ, ૨૦- કાપડીયા ચેમ્બર્સ, ૫૨, દેવજી રતનશી માર્ગ, મસ્જીદ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૦૯.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલે ગયેલા ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહીં. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૫ થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) નર્સરી/બાલમંદિર/કે.જી. થી ધો ૭ સુધીના વર્ગોમાં ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે. ઉત્તીર્ણ થયેલ ધોરણ-૫ થી ઉપરના-વિદ્યાર્થીએ માર્કશીટ મોકલવી જરૂરી છે.

(ખ) ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ગ) (i) ધો. ૮થી પૂર્વસ્નાતક (**Under Graduate**) સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં ૬૦.૦ ટકા ગુણ (**Grade A**) કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(ii) સ્નાતક (**Graduate**) વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક (**Post Graduate**) વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર દરેક **વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓના ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૬) **પોતાનું ફોર્મ સંઘને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામવાળું પોસ્ટકાર્ડ સાથે બીડવું. જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મની નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

(૭) પુરસ્કારો સ્નેહ મિલન ૨૦૧૩ નાં દિવસે આપવામાં આવશે.

**મિતેશ લોડાયા : ૯૮૧૯૧ ૨૭૨૬૪ કલ્પના મોતા : ૯૯૩૦૫ ૧૮૬૧૧ વૈભવ મૈશેરી : ૮૦૮૦૯ ૦૭૦૧૬**

# પાસ થયા – હાર્દિક અભિનંદન



**નીતા ધનેશ ધુલ્લા**
ડોંબિવલી
SSC - 96%



**સલોની પંકજ ગોસર**
ભાંડુપ
SSC - 93%



**ઉન્નતિ ચેતન નાગડા**
ખીરકીયા
SSC - 91.5%



**ધ્વનીલ અમીષ ખોના**
માંટુગા
SSC - 84%



**ગૌરવ હીરેન શિયાડ**
જાલના
SSC - 71.20%




**અનુષ્કા અજય દંડ**
મુંબઇ
SSC - 95.64%



**પલક વિજય લાપસીયા**
સાંતાક્રુઝ
ICSE (10th) - 93%



**જૈની કુલીનકાંત લોડાયા**
કોચીન
HSC - 65%



**સમીરા યોગેશ મોમાયા**
ઘાટકોપર
HSC - 88.1%



**વરુણ વિજય લાલકા**
અંધેરી
HSC - 85%



**હીનલ વિજય દંડ**
દહિસર
HSC - 83%



**મૈત્રી નિતીન નાગડા**
પાચોરા
HSC - 86%



**કાજલ રવિન્દ્ર લોડાયા**
ચોપડા
HSC - 78%




**હિરલ જગદીશ નાગડા**
વાલકેશ્વર
M.B.A



**તેજસ રાજેશ લોડાયા**
હાવેરી
PUC (ii) 95.33%



**નિધિ વિપુલ દંડ**
થાણા
SSC - 82.18%



**નિમીત સતીશ નાગડા**
તિરુપુર
SSLC - 93.4%

**એકતા જસમુખ દંડ**
વડોદરા
HSC - 95.92%


શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર


| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક-વ્હાઇટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે


**K. Dixit**
રીયલ ડાયમંડ જ્વેલરી
**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**
(સાંધાણ – ઘાટકોપર)
98204 57676
**લગ્ન પ્રસંગ માટે લાઇટ વેઇટ**
**રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ**
**તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**




# ભાવભીની શ્રધ્ધાંજલિ



જન્મ
૮.૧.૧૯૪૫
વારાપધર

અરિહંતશરણ
૧૫.૫.૨૦૧૩
આદીપુર

## સ્વ. રતિલાલ લખમશી લાલકા

(વારાપધ્ધર-આદીપુર)

**પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના, સહ.....**

પત્ની : રેણુકાબેન રતિલાલ લાલકા

| | | |
|---|---|---|
| ભાઇ-ભાભી | : | ગં.સ્વ. વેલબાઇ ટોકરશી લાલકા (ઘાટકોપર) |
| | | સૌ. નિર્મલાબેન પદમશી લાલકા (આદિપુર) |
| | | ગં.સ્વ. લીલાવંતીબેન ત્રિકમજી લાલકા (આદિપુર) |
| | | સ્વ. વિરચંદ લખમશી લાલકા (વારાપધ્ધર) |
| બહેન-બનેવી | : | સ્વ. લક્ષ્મીબને લક્ષ્મીચંદ ધરમશી (કોઠારા-મસ્જિદબંદર) |
| | | સ્વ. હીરબાઇ લખમશી લાલકા (વારાપધ્ધર) |
| પુત્રવધુ-પુત્ર | : | સૌ. અસ્મિતા ઉલ્લાસ લાલકા |
| | | સૌ. પાયલ વિજય લાલકા |
| | | સૌ. ઝરણા ચેતન લાલકા |
| પુત્રી-જમાઇ | : | સૌ. રાજુલ સંજયકુમાર મોમાયા (જખૌ-વડોદરા) |
| પૌત્ર-પૌત્રી | : | કાજલ, મલય, યશ્વી, |
| દોહીત્ર | : | મનન |

**એવમ સર્વે સગા સંબંધીઓ, હિતચ્છુઓ**

**શા. લખમશી લધા લાલકા પરિવાર** (વારાપધ્ધર-આદીપુર)

| | | |
|---|---|---|
| સાસરા | : | શા. વેલજી દેવજી શીયાડ પરિવાર (જખૌ-પાંચોરા) |
| વેવાઇઓ | : | શા. ચાંપશી શામજી મોમાયા પરિવાર (જખૌ-વડોદરા) |
| | | શા. વિરચંદ દામજી મોતા પરિવાર (જશાપર-ડોંબિવલી) |
| | | શા. રમેશ દામજી લોડાયા પરિવાર (તેરા-ભુજ) |
| | | શા. શાંતિલાલ ઉમરશી નાગડા પરિવાર (નલીયા-ડોંબિવલી) |

**મે. ખીમજી કુંવરજી એન્ડ કંપની (સી.એ.) ગાંધીધામ**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી

મંડળ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪નું શૈક્ષણિક સહાયતા વિતરણ કાર્યક્રમ રવિવાર ૯.૬.૧૩ના રોટરી સભાગૃહમાં યોજાયું. આ પ્રસંગે નોટબુક મુખ પૃષ્ઠ દાતા, ગણવેશ દાતા, દફ્તર દાતા આદિના પ્રતિનિધિઓ તથા સારી સંખ્યામાં બાળકો, વાલીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રમુખશ્રી વીરેન્દ્ર લોડાયાએ સૌને આવકાર આપી દાતાઓની ઉદાર ભાવનાને બીરદાવેલ. કાર્યક્રમ સંચાલન માનમંત્રી શ્રી હરીશ શિયાડે કરેલ. નોટબુક અને ઉપકરણ વિતરણનું શુભરંભ થયેલ.

SSCમાં ઉચ્ચગુણાંકે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીની કુ. નીતી ધનેશ ધુલ્લા (ભરૂડીયા) 96% અને કુ. વિદિશા કાંતિલાલ દંડ (ભરૂડીયા) 94%ને પુષ્પગુચ્છથી વધાવીને સન્માનિત કરાયેલ. પ્રથમ આવેલ કુ. નીતી ધુલ્લાને શ્રી નવીનચંદ્ર ધરમશી પરિવાર તરફથી રૂા.૧૧ હજારનું રોકડ પારિતોષિક અપાયું ધો ૧ થી ૯ સુધીના ગુજરાતી-અંગ્રેજી માધ્યમના પ્રથમ-દ્વિતીય આવેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરાયેલ. શૈક્ષણિક દાતાઓનું તથા સંપર્ક સમિતિના સભ્યોનું જાહેર અભિવાદન કરાયેલ. આભારદર્શન બાદ કાર્યક્રમ સંપન્ન થયેલ.

## શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ-ગાંધીધામ

મંડળ દ્વારા ૨૬.૫.૧૩ના શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દેરાસરના ઉપાશ્રયે મહાકાળી માતાજીની ભાવના સ્વ.ખેતશીભાઇ પરિવાર દંડ (પરજાઉ-ગાંધીધામ) તરફથી ભણાવાઇ જેમાં સારી સંખ્યા હતી. સર્વશ્રી ઉદયભાઇ, જયંતભાઇ, કેતનભાઇ, મીતેશ મોતા, નીલમબેન દંડ અને ભક્તીબેન મોમાયાએ સારી રમઝટ જમાવેલ.

## કલીકટમાં ધ્વજા મહોત્સવ

વૈશાખ વદ ૧૧ને ૪.૬.૧૩નાં શ્રી ચંદ્રકાંત પ્રાણલાલ શાહ તરફથી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી અને સંઘની હાજરીમાં ધ્વજા ચડાવાઇ.

જેઠ સુદ-૩ને ૧૧.૬.૧૩નાં સવારનાં ૯ કલાકે શ્રી જગદીશ નાનાલાલ શાહ તરફથી સત્તરભેદી પૂજા ભણાવાઇ અને સકલ સંઘની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ થયું. બન્ને દિવસે સકળ શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય હતું.

## શ્રી દ.ભા.ક.દ.ઓ. એકમ

દક્ષિણ ભારત એકમ ક્ષેત્રનાં વર્ષ ૨૦૧૨-૧૩માં SSC કે તેની સમકક્ષ પરીક્ષામાં 80% કે તેથી વધારે ગુણાંકથી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ તેમની માર્કશીટની પ્રત તુરંતમાં એકમની બેંગલોર ઓફીસે ડાયરેક્ટ અથવા સ્થાનિક મહાજનશ્રી મારફતે મોકલવા જણાવાયું છે. જેના પરથી વાર્ષિક સામાન્ય સભામાં વિદ્યાર્થી બહુમાન કરાશે.

એકમનાં ક્ષેત્રનો દરેક મહાજનશ્રી જ્ઞાતિજનોની સંપૂર્ણ વિગત હજી સુધી મોકલેલ નથી તેમને ૩૦.૬.૧૩ પહેલાં વિગત મોકલવી તથા ૧૮વર્ષ ઉપરના જ્ઞાતિજનોને કાયમી સભ્યો બનાવી સહયોગ આપવા વિનંતી કરાઇ છે.

કલ્પવૃક્ષ યોજનામાં જોડાયેલ બધા જ પરિવારો/ સભ્યોને પોતાનાં હાલના સરનામાં જણાવવા વિનંતી કરાઇ છે. એકમની કાર્યકારિણી સમિતિની સભા બેંગલોરમાં ૩૦.૬.૧૩નાં યોજાશે.

## શ્રી ઉદય દંડ વેરાવળ નગરપાલિકામાં ઉપપ્રમુખ પદે

શ્રી ઉદય નવીનચંદ્ર દંડ (લાલા) વેરાવળમાં નગરસેવક પદે ચુંટાઇને નગરપાલિકામાં તેમની ઉપપ્રમુખપદે બીનહરીફ વરણી થઇ છે. ચાલીસ વર્ષ બાદ જૈન સમાજમાંથી તેઓ આ પદે નીમાયેલ પ્રથમ છે. તેમના પિતાશ્રી પણ સક્રિય સામાજિક કાર્યકર છે. ઉદયભાઇને હાર્દિક અભિનંદન.

## ‘કચ્છ શક્તિ’ એવોર્ડ

દર વર્ષે ‘કચ્છ શક્તિ’ દ્વારા કચ્છના વિવિધ જ્ઞાતિઓના વ્યક્તિ વિશેષોને અપાતા એવાર્ડ માટે આ વર્ષે ડૉ. યોગિની વેરશી મૈશેરી અને શ્રીમતી મૃદુલા હીરાચંદ દંડને નારીરત્ન અને શ્રી રાહુલ ખુશાલ ધરમશી (બેંગલોર)ને વ્યાપાર રત્નના એવોર્ડથી સન્માનવામાં આવશે. આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## શ્રીમતી મૃદુલા હીરાચંદ દંડ (અંધેરી)

આંતરરાષ્ટ્રીય સંસ્થા ઇનરવ્હીલના ડીસ્ટ્રીક્ટ ક્રમાંક ૩૧૪ (જેમાં સમસ્ત મુંબઇ શહેર, કલ્યાણ, અંબરનાથ, ઉલ્હાસ નગર, દહાણુ, પાલઘર, નવી મુંબઇનાં વિસ્તારો સમાવિષ્ટ છે. અને જેમાં ૬૫ ક્લબો અને ૩૬૫૦ મહિલા સદસ્યો છે.)ના પર્યતના વર્ષ ૨૦૧૩-૧૪ના ચેરપર્સન તરીકે નીમાયેલ શ્રીમતી મૃદુલા હીરાચંદ દંડનો પદભાર સોંપતો સમારંભ ૧૧.૬.૧૩ બાંદ્રા વિધીમાં યોજાયો

હતો જે વખતે વિવિધ ઇનરવ્હીલ કલબોના ૧૧૦૦ જેટલા મહિલા સભ્યો, પદાધિકારીઓ, આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. તેઓ આ પદે નિમાયેલ પ્રથમ કચ્છી જૈન મહિલા છે. પોતાના વક્તવ્યમાં ગ્રામીણ વિભાગોમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે તથા હિરક જયંતીમાં પ્રવેશેલ કુષ્ટરોગ નિવારણ સમિતિના સહયોગમાં છેવાડાના ગામમાં ૧૧૫ કૂષ્ટરોગીઓ અંતેવાસીઓ માટે પાયાની સુવિધાઓ આપવાની વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તીઓ વિસ્તારવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો એ અને સૌના સહયોગ માટે અપીલ કરી હતી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ઇંદોર

મહાજનની કારોબારીમાં પ્રમુખ શ્રી સુમનલાલ શામજી કામાણી, ઉપપ્રમુખપદે શ્રી મણીલાલ પદમશી દંડ અને અનિલ મેઘજી મોતા, માનદમંત્રીપદે શ્રી પરેશ મહેન્દ્ર ધરમશી, સહમાનદ્મંત્રી પદે રમેશ દિનેશ ધરમશી, ખજાનચીપદે શ્રી સુધીર પાસુભાઇ લોડાયા અને કારોબારી સભ્યો સર્વશ્રી રાજેન્દ્ર ચીમનલાલ મોમાયા, ચંદ્રેશ લક્ષ્મીચંદ લોડાયા, નીતિન રાજેશ નાગડા, ચેતન કલ્યાણજી મોમાયા અને જિગ્નેશ ગિરીશ નાગડાની વરણી થઇ છે. મહાજનશ્રી પત્રવ્યવહાર સંપર્ક : C/o. ૨ એ, ગંગા એપાર્ટમેન્ટ, સી-એ-૩ સાઉથ તુકાગંજ-ઇંદોર, ફોન : ૦૯૪૨૫૩૨૧૧૧૦ અથવા ૦૯૪૨૫૩૫૩૭૫૪.

## સામાજિક સુરક્ષા યોજના

આ યોજનાના સભ્યો ૧.૪.૧૩ થી ૩૦.૬.૧૩ વચ્ચે ૫૫ વર્ષની વય થતા રીટાયર થાય છે તેમણે મુંબઇ મહાજનશ્રીના કાર્યક્ષેત્રમાં વસતા સભ્યોએ પોતાના સરનામા મોબાઇલ નંબર - ૦૮૯૭૬૦૧૭૮૩૦ પર અને તે સિવાયના બહારગામવાળાઓને - ૦૯૪૪૮૦૯૦૩૦૭ પર SMS કરવા વિનંતી છે જેથી તુરંત સંપર્ક સુલભ રહે.

યોજનામાં મે ૧૩ દરમ્યાન ૨૬ નવા સભ્યો જોડાયા છે. અત્યાર સુધી ૯૧૨૬ જ્ઞાતિજનોએ આ યોજનાનો લાભ લીધો છે જેમાંથી ૨૫૪ સભ્યોના તેમના ૫૫ વર્ષની વય પહેલા અવસાન થતાં તેમના નિયુક્ત વારસદારોને લાભાંશની રકમ ચુકવાઇ છે. યોજનામાં રૂા.૨૨૦૦ ભરી જોડાવવા અનુરોધ છે. હવેથી ૨૨૦૦ની રકમ K.D.O. Welfare Association ના નામે એકજ ચેકથી ભરી શકાશે.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ, મુંબઇ

મુંબઇમાં વસતા જ્ઞાતિના વિદ્યાર્થિઓ જેઓ અભ્યાસ માટે બસ અને રેલ્વે દ્વારા અવર-જવર કરતાં હોય તો તેઓને વર્ષ દરમ્યાન બસ અને રેલ્વેના પ્રથમ વર્ગ પાસનો સંપૂર્ણ ખર્ચ માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી) તરફથી અપાશે. સંપર્ક : ઘાટકોપર-શ્રી કરણ મુલરાજ છેડા-૯૮૩૩૮૧૮૧૯૩, ભાંડુપ-શ્રી જીગર નીતિન ધરમશી-૯૮૬૭૭૯૨૨૯૪, મુલુન્ડ-શ્રીમતી ચૈતાલી નિર્મલ દંડ-૯૦૨૯૦૯૦૫૬૨, ડોંબિવલ–કુ. ધર્મિતા કિરીટ લોડાયા-૯૮૧૯૪૬૨૧૩૧, રેસ્ટ મુંબઇ-શ્રી ઉર્મીન જયેશ લોડાયા-૯૧૬૭૦૬૦૦૪૩.

## લોક શાંતિજિન મંડળ - મુલુન્ડ

મંડળના ઉપક્રમે ૧૧.૬.૧૩ના સવારે ૨૬ બહેનો બસ દ્વારા શ્રી શાંતિનાથ દાદાના દર્શન કરી યાત્રાએ પ્રસ્થાન કરેલ વાણામાં શ્રી ચંદ્રપ્રભુ, ઘોડબંદરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને પિયુષપાણી તીર્થમાં દર્શન કર્યા લોઢાધામમાં દર્શન, પુજાપાઠ અને ભોજન કરી શ્રી મહાવીરધામ, નાગેશ્વર પાર્શ્વનાથ, પ્રતાપધામ અને નાકોડા ભૈરવધામમાં દર્શન, ચૈત્યવંદન ઇત્યાદી કરી સર્વે આનંદવિભોર થઇ લોક કોમ્પલેક્ષ-મુલુન્ડ પરત આવ્યા.

યાત્રા પ્રવાસ આયોજનમાં પદાધિકારીઓ શ્રીમતી રંજનબેન દોશી અને શ્રીમતી વિજયાબેન મોતાએ સફળતા પુર્વક સંચાલન કરેલ.

## યતિ શ્રી મોતીસાગરજીની દીક્ષા તીથી ઉજવાઇ

અનંતનાથજી ઉપાશ્રયે બિરાજતા પૂ. યતિશ્રી દીક્ષા પર્યાયના ૩૦ વરસ પૂર્ણ કરતા વૈશાખ સુદ ૧૦ રવિવારના શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના રાખવામાં આવેલ. ભાવિકોએ પૂજ્યશ્રી ગુરૂવંદના સાથે વધુ ને વધુ ધર્મસેવા આપવાની શુભેચ્છા આપી. ભુજપુર સ્થાને મુંગા જાનવરોને એક ગાડી ચારો નખાયેલ. તપ જપથી વિશેષ વંદના કરાયેલ. સંઘમાતા પ્રભાબેન હેમેન્દ્ર પરિવાર વૈષ્ણોદેવી યાત્રા માટે પૂજ્યશ્રીને નિશ્રા અને પધારવા આગ્રહ કરતા પૂજ્યશ્રી અમૃતસર-વૈષ્ણોદેવી કાશ્મીર, જમ્મુ, દિલ્હી સહિત યાત્રામાં દરરોજ માંગલિક સાથે ગુરૂપૂજનથી શરૂઆત થતી. વખતો વખત ધર્મ આરાધના વિશેષ હતી. શ્રી હેમેન્દ્રભાઇ અને પ્રભાબેન ના રજત લગ્ન તીથી નિમિત્તે ભુજપુર મંદિરને અખંડ જ્યોતમાં ઘૃતનો ડબો ભેટ અપાયેલ, સંઘપૂજન સુરત અને મુંબઇના ભાવિકોએ કરેલ. ૨૨ યાત્રિકોએ ૧૪ દિવસની સુખરૂપ યાત્રા કરેલ. ભાવિકોએ પૂજ્યશ્રીની વિશેષ વૈયાવચ્છ કરી ધર્મ પ્રભાવનાનો લાભ લીધેલ.

શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ભરત દેવરાજ લોડાયા** | એ-૧૦૩, સર્વોદય આનંદ, શનિ મંદિર પાસે, માનપાડા રોડ, ડોંબિવલી (ઇ) ૪૨૧૨૦૧ |
| **લક્ષ્મીબાઇ લાલજી ધરમશી** | ઇ-૪૨, ઇન્દ્રપ્રસ્થ, સર્વોદય નગર, મુલુન્ડ (વે), મુંબઇ-૮૦ ફોન : 25923006 |
| **ખમાવંતી રમેશ લુઠીયા** | ડાયમંડ કેસલ-સી, બીજે માળે, કેશવાપુર, હુબલી-૫૮૦૦૨૩ |
| **નીતિન જીવરાજ મોતા** | સી-૩૦૩, ઓમ સૃષ્ટિ એપાર્ટમેન્ટ, ડંપીંગ રોડ, મુલુન્ડ (વે), મુંબઇ-૮૦ ફોન : 25600711 |
| **ગૌતમ એલ. શાહ** | ગુલજારી બગીચા, શાહ મોબાઇલ, મકાન નં.૧૬૪, શિહોર, એમ.પી. ૪૬૬૦૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | |
|---|---|---|
| **સુનિલ કે. લોડાયા** | પંચકુલા | 09816060646 |
| **તૃપ્તિ સુનિલ લોડાયા** | પંચકુલા | 08283835646 |
| **ભુમિત સુનિલ લોડાયા** | પંચકુલા | 08427742889 |
| **ખમાવંતી રમેશ લુઠીયા** | હુબલી | 09036945782 |
| **દીપાલી લોડાયા** | હુબલી | 07795250547 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨.૨.૧૩ | મુલુન્ડ | NLLA030504 | ગીરવાન-મીતલ/ચિરાગ જવેરચંદ લાલકા | નલીયા | પુત્ર |
| - ૫.૧૩ | ગાંધીધામ | VVLO130603 | કલ્પ-પાયલ/પિયુષ ચાંપશી લોડાયા | વારાપધર | પુત્ર |
| ૧૯.૪.૧૩ | ચેંબુર | VRMO072203 | રીહાન-માધવી/કાર્તિક ચંદ્રકાંત મોમાયા | વરાડીયા | પુત્ર |
| ૫.૬.૧૩ | મલકાપુર | VRDA011203 | આરવ-ભુમિકા/દેવેશ સોમચંદ દંડ | વરાડીયા | પુત્ર |
| ૧૬.૫.૧૩ | ડોંબિવલી | DALO020503 | હિત-પુનમ/દિપેન રમેશ લોડાયા | દલતુંગી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦.૬.૧૩ | ઘાટકોપર | SUDU0310303 | કિરણ કાંતિલાલ પદમશી ધુલ્લા | સુથરી | ૨૮ |
| | કોચીન | NLNG131704 | મેઘા ભરત જેઠાભાઇ નાગડા | નલીયા | ૨૭ |
| ૧૦.૬.૧૩ | પવઇ | JKMA051904 | જીગેશ નરેન્દ્ર ભવાનજી મૈશેરી | જખૌ | ૨૫ |
| | અહમદનગર | RPLO031304 | નિયતિ રમેશ લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૨૨ |
| ૯.૬.૧૩ | ઘાટકોપર | NLLO180303 | ડૉ. ઋષભ જીતેન્દ્ર ઉમરશી લોડાયા | નલીયા | ૨૬ |
| | હૈદ્રાબાદ | KUMT051901 | રીતુ દિનેશ પદમશી મોતા | કુવાપધર | ૨૩ |
| ૧૦.૬.૧૩ | બેંગલોર | JKMA061502 | ઉમંગ જીતેન્દ્ર ઉમરશી મૈશેરી | જખૌ | ૨૯ |
| | મલાડ | KRLO | ચારુલ પ્રફુલ મુલજી લોડાયા | કોઠારા | |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩.૪.૧૩ | દલાસ (USA) | A | સુમિત અરૂણ શાહ | - | ૨૪ |
| | હુબલી | NLNG110203 | પુર્વી પ્રદીપ જીવનલાલ નાગડા | નલીયા | ૨૩ |
| ૯.૬.૧૩ | બડગરા | BYPL030503 | આનંદ વસંત શિવજી પોલડીયા | બાયઠ | ૨૭ |
| | થાણા | A | અવની જટાશંકર મણીલાલ જોશી | રીંગટોડા | ૨૭ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૫.૧૩ | ડોંબિવલી | PRNG090905 | કરણ તિલેશ (તારાચંદ) દામજી નાગડા | પરજાઉ | ૨૬ |
| | ગાંધીધામ | ARLO060303 | વૈશાલી કુલીનકાંત દેવજી લોડાયા | આરીખાણા | ૨૩ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫.૫.૧૩ | ઘાટકોપર | SUMO010304 | ગ્રહેશ ભરત હંસરાજ મોમાયા | સુથરી | ૨૬ |
| | - | A | માનસી મુકેશ ગુણવંતરાય દવે | સુરેન્દ્રનગર | ૨૬ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૫.૦૬.૧૩ | - | SNMA020302 | નીતાબેન નરેન્દ્ર ધનજી મૈશેરી | નાની સીંધોડી | ૪૭ |
| ૦૮.૦૬.૧૩ | કોલકત્તા | SILO052201 | હિરબાઇ માણેકજી નાગશી લોડાયા (માલાણી) | સાંયરા | ૮૮ |
| ૦૯.૦૬.૧૩ | ડોંબિવલી | TRDD021101 | ઝવેરચંદ નરશી વેલજી દંડ | તેરા | ૭૩ |
| ૦૧.૦૬.૧૩ | યવતમાલ | SADH030202 | મીનાબેન વિક્રમ નરેન્દ્ર ધરમશી | સાંધાણ | ૭૨ |
| ૦૩.૦૬.૧૩ | અમેરીકા | SPCD020101 | કેશરસિંહ શાંતિલાલ ભીમશી છેડા | સુજાપર | ૭૭ |
| ૧૧.૦૬.૧૩ | ઘાટકોપર | LLMA031001 | હિરાચંદ વીરજી રાજપાર મૈશેરી | લાલા | ૮૭ |
| ૨૯.૦૫.૧૩ | સિહોર | NLLO0230501 | લક્ષ્મીચંદ ભવાનજી કાનજી લોડાયા | નલીયા | ૭૮ |
| ૦૯.૦૬.૧૩ | ગદગ | NLNG061102 | કિરીટ રાયમલ જીવરાજ નાગડા | નલીયા | ૫૧ |

## નાગડા તથા લોડાયા પરિવારનું ગૌરવ



કુ. ઉન્નતિ ચેતન નાગડા 10th બોર્ડની પરીક્ષામાં 91.5% અંક મેળવી સ્કુલમાં પ્રથમ તથા ખીરકીયા (મ.પ્ર.) માં દ્વિતીય સ્થાને આવેલ છે. તે સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને તેના ઉજ્જવલ ભવિષ્યની કામના કરીએ છીએ.

**શુભાશિષ**

દાદી-દાદા : માતુશ્રી ઇન્દુમતીબેન ચંદુલાલ નાગડા
સ્વ.કસ્તુરીબેન ભોજરાજ નાગડા
નાની-નાના : માતુશ્રી પુષ્પાબાઇ શીવજી લોડાયા
મોટા મમ્મી-પપ્પા : માલતી કિરીટ નાગડા
કાકી-કાકા : બીના જયંત નાગડા
ફઇ-ફુઆ : ડિમ્પલ હીરેન દંડ
મામી-મામા : મયુરી તરૂણ લોડાયા - સુનીતા વિજય લોડાયા
હીના હરીશ લોડાયા
ભાઇ-બહેન : ઝરણા, જીનલ, પ્રેરણા, વિરલ, રોશની, સેજલ, પુરવ, પ્રતીક, દર્શન, જીનેન, કેવલ, રોનક, પૂર્વેશ, જય

## હાર્દિક અભિનંદન



**ચિ. કરણ પ્રદીપ જૈન (ધરમશી)** (કોઠારા-મુલુન્ડ)

**SSC 92% (ICSE)**

ચિ. કરણ જૈને **SSCમાં 92%** ગુણાંક મેળવી પરિવાર તથા ગામનું ગૌરવ વધારેલ છે. શૈક્ષણિક સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોત્તર યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...

**શુભાશિષ**

દાદાણાં
માતુશ્રી ભારતીબેન ભાગચંદ જૈન (ધરમશી) પરિવાર
(કોઠારા-મુલુન્ડ)
નાનાણાં
માતુશ્રી લતાબેન લક્ષ્મીચંદ દંડ પરિવાર
(લુણી-ડોંબિવલી)

**M/s. Exim Transtrade Pvt. Ltd. (Mumbai)**

|| શ્રી મહાવીરસ્વામીને નમઃ ||

## શિયાળ-લોડાયા પરિવારનું ગૌરવ

### હાર્દિક અભિનંદન



**દર્શન લહેરચંદ શીયાડ**
B.E.M. (Tech.)
(ન્યુ જર્સી - U.S.A.)

સળંગ ત્રીજા વરસે U.N. પ્રતિનિધિશ્રી સિધ્ધાચલમ તીર્થ ઇન્ટરનેશનલ મહાવીર જૈન મીશન દેરાસર-ન્યુ જર્સી તરફથી તથા કાર્યવાહક સમિતિમાં સભ્યપદ નિમણુંક માટે વિશેષ હાર્દિક અભિનંદન.

**અંતરનાં આશિષ**

દાદાણાં : સ્વ.સૌ. કુંવરબાઇ હીરજી હંસરાજ શીયાડ (જખૌ)
નાનાણાં : સ્વ.ગં.સ્વ. ચંપાબાઇ દેવજી નાગડા પટેલ (સાંધાણ)
માતા-પિતા : સૌ.ગીતા લહેરચંદ હીરજી શીયાળ (બેંગલોર)
પત્ની-પુત્રી : સૌ. વૈશાલી દર્શન - ચિ. ટીયા દર્શન (ન્યુ જર્સી)
ભાઇ-ભાભી : સૌ. ચેતના દેવેન શીયાડ M.B.A. (પુના)
શ્વસુરપક્ષ : શ્રી શામજી ખીમજી લોડાયા પરિવાર (બેંગલોર-સુથરી)

તેમજ સર્વે સગા-સ્નેહીઓ, મિત્રગણ તથા
સમસ્ત શીયાડ પરિવાર (રાયપુર-ધમતરી)

## લગ્ન-સંબંધી



**શ્રી. ગૌરવ તિલક વીરચંદ મૈશેરી**
જખૌ-સાવનેર (નાગપુર)

જન્મ તારીખ : ૩૧.૦૫.૧૯૮૬ ઉંમર : ૨૭ વર્ષ
હાઇટ : ૫'-૮" વજન : ૬૫ kg
અભ્યાસ : બી.કોમ વર્ણ : ગોરો
ધંધો : 'હીરો હોન્ડા' નો પોતાનો શૉ-રૂમ

(નોંધ : એક જ મહિનામાં છૂટાછેડા થયેલ છે.યોગ્ય સમકક્ષ પાત્રના વડીલો બાયોડેટા તથા ફોટો મોકલે.)

**સંપર્ક**

સાવનેર - શ્રી તિલકભાઇ - **09326007806**
યવતમાલ - મે.વરૂણ ટ્રાન્સપોર્ટ - **07232242808**
થાણા - શ્રી મુકેશ વીરચંદ મૈશેરી - **022-25411864**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રદ્ધાંજલિ







• જન્મ •
તા.૧૨-૫-૧૯૩૦
(જાલના-મહારાષ્ટ્ર)

• અરિહંતશરણ •
તા.૧૧-૫-૨૦૧૩
(હુબલી-કર્નાટક)

## માતુશ્રી વિજયાબાઈ ત્રિકમજી છેડા (નલીયા-હુબલી)

સૌને ભીંજવતી આપની વાત્સલ્ય ધારા
દેહાંતે ય હૂંફ આપતી રહેશે સ્મૃતિ દ્વારા
અરિહંતશરણે ચિર શાંતિ પામો ધર્મ પ્યારા...

• આપની પ્રેમાળ સ્મૃતિમાં •

**પુત્રવધુ** : અ.સૌ. મિનલ યશપાલ છેડા (નલીયા )
ગં.સ્વ. નિરુપમા ચેતન છેડા (નલીયા)
**પૌત્રી-પુત્રી** : અ.સૌ. હીરલ હિતેશ શાહ (નાગડા)
(લુણી-શિકાગો-યુ.એસ.એ.)
અ.સૌ. સોનલ દિપક શાહ (લોડાયા) (જખૌ-પુના)
કુ. ઉજ્વલ યશપાલ છેડા
ચિ. હિરેન તથા કેવલ ચેતન છેડા (હુબલી)
**દોહિત્રા** : ચિ. જીત, ચિ. ધૈર્ય, ચિ. અનન્યા
**બહેન** : ગં.સ્વ. લીલબાઇ નારાણજી શામજી મોતા (રાપર ગઢવારી)

એવમ્ શા. શીવજી હીરજી લધ્ધા છેડા પરિવાર (નલીયા )
શા. ધનજી ખીંયશી હંસરાજ ધરમશી પરિવાર (છાદુરા-હુબલી)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**